|| શ્રી ગણેશાય નમઃ ||

"સંગઠીત અને સમુદ્ધ સમાજનો સંકલ્પ"

# ટીમલા ખલાસી પંચ, રાંદેર – સુરત

**ટ્રસ્ટ રજી. નં. એ/૬૬૧ સુરત**

**ટ્રસ્ટ રજીસ્ટર તા. ૨૭-૧૦-૧૯૫૩**

## ૭૧મો

## વાર્ષિક અહેવાલ તથા હિસાબ

### વર્ષ : ૨૦૨૩-૨૪



**ટીમલા ખલાસી પંચનું મકાન, ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫.**

આ સંસ્થા (સમાજ) પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ બોમ્બે ૨૯/૧૯૫૦ અન્વયે ૨૭-૧૦-૧૯૫૩ ના રોજ રજીસ્ટર થયેલ ટ્રસ્ટ છે. જેનો રજીસ્ટર ક્રમાંક ૩૦૭૬૧ મુજબ રજી. નં. એ/૬૬૧ આપવામાં આવેલ છે.

# ટીમલા ખલાસી પંચ, રાંદેર - સુરત.

## વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ

### ૨૦૨૩ – ૨૦૨૪

માનનીય ભાઈઓ/બહેનો :

આથી ટીમલા ખલાસી પંચના તમામ ભાઈ/બહેનોને જાણ કરવામાં આવે છે કે વાર્ષિક સાધારણ સભા ટીમલા ખલાસી પંચના પ્રમુખશ્રી વસંતલાલ નારણદાસ સેલર તથા ટ્રસ્ટી મંડળના વડપણ હેઠળ તારીખ : ૩૧/૧૦/૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ટીમલા ખલાસી પંચના મકાનમાં નીચે જણાવેલ કામોના નિકાલ માટે રાખવામાં આવેલ છે. જેમાં સમાજના તમામ ભાઈ-બહેનોએ સમયસર હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

## સભાના કામોની કાર્યસૂચી

૧. દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ.

૨. ગત વાર્ષિક સભાની મિનિટસ વાંચી બહાલી આપવા બાબત.

૩. સને ૨૦૨૩-૨૪ ના વર્ષનો વાર્ષિક અહેવાલ હિસાબ મંજુર કરવા બાબત.

૪. સને ૨૦૨૩-૨૪નો એકટ હિસાબ રિર્પોટનુ વાંચન કરી બહાલી આપવા બાબત.

૫. સમાજના ૧ થી ૧૨ તેમજ કોલેજ (રેગ્યુલર) કક્ષાના બાળકો પાસ થયેલ હોય તેમને તથા નર્સરી, કે. જી., સિ.કે.જી. ને સ્ટેશનરી આપવાના ખર્ચની મર્યાદા નકકી કરવા બાબત.

૬. ૨૬મી જાન્યુઆરીના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ, રમત ગમત સ્પર્ધાના ખર્ચની સત્તા ટ્રસ્ટી મંડળને આપવા બાબત અને તે અંગેની કમિટિ રચના બાબત

૭. ટીમલા ખલાસી પંચના પાછળના ભાગે ૨૧'×૫૫' નુ બાંધકામ અંગેની માહિતી આપવી.

૮. આજના પ્રમુખશ્રી તરફથી ટ્રસ્ટના હિતમાં રજુ થાય તે કાર્યો કરવા બાબત.

નોંધ :

૧. કોરમના અભાવે મુલતવી રહેલી સભા અડધો કલાક બાદ મળશે. જે કાયદેસર ગણાશે.

૨. ઉત્સાહી અને સેવાભાવી સમાજના ભાઈ-બહેને ટ્રસ્ટી માટે ઉમેદવારી નોંધાવવા રજુવાત/વિનંતી કરવામાં આવે છે.

૩. જો નવા ટ્રસ્ટીઓ ન આવશે તો ઓછા ટ્રસ્ટીએ સમાજનું કામ ચાલુ રહેશે જે તમામને માન્ય રહેશે.

૪. ઉમેદવારોની અરજી તથા અહેવાલ-હિસાબ સંબંધી જે પ્રશ્નો હોય તેમણે લેખિતમાં સાત દિવસ માં જાણ કરવાની રહેશે.

મંત્રીશ્રી
**આશિષ રાંદેરીયા**
ટીમલા ખલાસી પંચ, રાંદેર, સુરત.

# ટીમલા ખલાસી પંચ, રાંદેર - સુરત.

## વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૨-૨૩

## પ્રમુખશ્રીનું નિવેદન

વ્હાલા ખલાસી/ભાઈઓ/બહેનો

આજના દિવાળીના શુભ અવસર પર તારીખ ૧-૪-૨૩ થી ૩૧-૩-૨૪ સુધીનો વાર્ષિક અહેવાલ હિસાબ રજુ કરતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવુ છું.

આપણા સમાજના વડવાઓએ સમાજના ઉચ્ચ વિચારોને સાકારરૂપ આપી સને ૨૭-૧૦-૧૯૫૩ માં સમાજનું રજિસ્ટર ટ્રસ્ટ નં.એ/૬૬૧ અસ્તિત્વમાં આવ્યું ત્યારબાદ વર્ષ પ્રતિવર્ષ વડવાઓની મહેનતના ભાગરૂપે સમાજની પ્રવૃત્તિને વેગવંતી બનાવી પરંતુ આજે જે ચેતનવંતી બની છે તે આજના સેવાભાવી આગવી સુઝ સમજ ધરાવતા સમાજના યુવાન ટ્રસ્ટીઓ થકી નિસ્વાર્થ સેવા કરી સમાજ વટવૃક્ષની માફક ઉભો છે. સમાજમા જાગૃતી લાવવાના આશયથી અન્યોઅન્ય રીતે યોગ્ય વિચાર વિમર્શ થકી લોકોના પ્રશ્નોનું તાત્કાલિક નિકાલ કરવામા આવે છે.

મિત્રો, દરિયા સાથે ગુજરાતી પ્રજાનો ગાઢ સંબંધ છે તેમાં ખલાસી ખારવો એટલે પારંગત-તરવૈયો-વહાણનો સુકાની હોડીઅને મોટા વહાણો કઈ રીતે ચલાવવા એ ખારવા સમાજના લોહીમા વસેલુ છે. ખારવો સાહસિક અને મહેનતું છે. ગમે તેવા દરિયામાં વાવાઝોડા વખતે વહાણને સહી સલામત રીતે પાર ઉતારે છે. આ સમાજ સાહસ અને વિરતાથી ભરેલો છે એક જમાનામાં વિશ્વના કુલ ૮૪ દેશોના વહાણો સુરતની મુલાકાત લેતા હતા ૧૮મી સદીના અંતે બંદર તરીકે સુરતનો અસ્ત થવા લાગ્યો હતો સમગ્ર ખારવા સમાજની કુળદેવી માતા સિકોતર છે. સિકોતર માતાના મંદિરો દરિયા કિનારે આવેલા છે, ખારવો જયારે દરિયાની સફર કરે ત્યારે કુળદેવી માતા સિકોતરની પૂજા કર્યા બાદ જ દરિયાની મુસાફરી કરતો હોય છે.

દેશ આઝાદ થયા પછી ભષ્ટાચાર અને પરિવાર વાદમાં ખૂપેલો દેશ અપેક્ષિત ગતિથી મજબૂત બની શકયો નથી. આપણે શા માટે વિકસિત ભારત ન બનાવી શકયા તે વિચારવાને બદલે આપણે કેવી રીતે સત્તા ઉપર ટકી રહેવું તે વિચારવા લાગ્યા છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીની પણ ચૂંટણીમાં પ્રજામાં કોઈ હરખ જોવા નથી મળ્યો કરોડોના ભષ્ટાચારમાં આરોતતા રાજકીય પક્ષોએ પ્રજાનું શોષણ કર્યું છે. પ્રજાના મનમાં તો ચાલી રહ્યું છે કે રાજકીય લૂંટારાઓથી દેશને ખરેખર કયારે મુક્તિ મળશે દેશને લૂંટવાના અને પ્રજાને પીસવાના જ પેતરા કરતા હોય છે. પ્રજા પરિર્વનની ઈચ્છા કરતો તો પણ કશું થવાનું નથી અને ચોરની જગ્યાએ બીજો ચોર આવશે અને બીજાની જગ્યાએ ત્રીજો ચોર આવશે બાકી ચોરીમાં કોઈ ફરક પડવાનો નથી તમે ગમે તેની પસંદગી કરો તો પણ કોઈ સુધારો આવવાનો નથી. હકીકતમાં ચોર એક સરખા જ છે. તેઓ માત્ર પક્ષ બદલે છે. આ ચોરો દેશની છાતી ઉપર ચડીને પ્રજાનું લોહી ચૂસવા સિવાયનું

બીજુ કંઈ કામ કરતા નથી. આમા ચોર નથી બદલાતો કે પરિસ્થિતિ નથી બદલાતી બધુ ગોળ ગોળ ફર્યા કરે છે. રાજકારણમાં તો જેને સૌથી સારી રીતે જુઠું બોલતા આવડશે, અપ્રમાણિકતા આચારતા આવડશે, ચોરી કરતા આવડશે તેનો જ વિજય થવાનો છે. અને પ્રમાણિકતાના ઝંડા ઉંચા લઈને ફર્યા કરશે.

જયાં સુધી સત્તાનું અવમૂલ્યાકંન નહિ થાય ત્યાં સુધી પ્રજાની સેવા કરનાર કયારેય આગળ નહિ આવે પ્રજાનો વિકાસ પણ ન થવા દે તેથી પ્રજાએ પોતે જાગ્રત થઈને સત્તાની ખુરશી ડગમગવી કાઢવાની છે. જેથી તેની તાકાતનો દુરપયોગ ન કરી શકે. મિત્રો આ લખવાનું પ્રયોજન એટલા માટે કર્યું કે આપણી જમીન મુકેશભાઈ પટેલ જેવા ધારાસભ્યએ લૂંટી લીધી છે. જયાં સુધી સત્તાનું અવમૂલ્યાકંન ન થાય ત્યાં સુધી આવા ડાકુ પેદા થતા રહેશે અને સાચી સેવા કરનાર કયારેય આગળ નહિ આવે.

આપણા દેશમાં વિનય ભંગ થઈ રહ્યો છે ત્યારે પુનઃ હું લખવા પ્રેરાયો છું. કે ભારતભૂમિ એ દેવભૂમિ છે. જયાં જુદા જુદા સ્વરૂપે સમગ્ર દેવો જ જન્મ ધારણ કરે છે. એ જ દેવભૂમિમાં આજે ઠેર ઠેર વિનયભંગ થઈ રહ્યો છે. જયાં સુધી લગ્ન પ્રથામાં ફેરફાર થાય નહિ ત્યાં સુધી આ દુષણ દુર કરવું ખૂબ જ કઠિન અને પડકાર જનક છે. તમામ પરિવર્તનોને ધ્યાનમાં લીધા વિના તેનો ઉકેલ શકય નથી. આ બાબતે કડક કાયદાનો અમલ થવો જોઈએ આજના જમાનામાં આર્થિક ચિંતા એ મોટામાં મોટી ચિંતા છે. સામાન્ય મજુરથી લઈને મોટા ઉદ્યોગપતિ સુધી સૌને વળગેલી છે. જેમ જેમ આર્થિક વ્યવહાર વધતા ગયા તેમ આ પરિસ્થિતિ પણ વધતી ગઈ મિત્રો આપણને આપણી ચિંતા છે. ભગવાનને આપણી વધારે ચિંતા છે. "હિમંત એજ વિજય અને બીકણપણુ એજ પરાજય"

મિત્રો તંદુરસ્ત સ્ત્રી જ સશકત સમાજનું નિર્માણ કરે છે. ભૂતકાળમાં પુરૂષો નચાવે તેમ નાચન કઠપૂતળી જેવી મહિલાઓ રહી નથી. હવે તો દરેક ક્ષેત્રોમાં પુરૂષને માત આપી શકે છે. સમગ્ર કુટુંબનો સમાજનો ભાર પોતાના મજબૂત ખભા પર ઉચકી શકે છે. સમાજને નવેસરથી ઉચ્ચકક્ષાના કાર્યો કરી સમાજનું સશકત નિર્માણ કરી કાયદાકીય પરિવર્તનથી સ્ત્રી સશકત બની છે. સમાજમાં ચૂંટણીમાં કે અન્ય કામોમાં આગળ રહી સમાજ અને દેશને ઉપયોગી થવું અનિવાર્ય છે.

ધર્મ અને શિક્ષણક્ષેત્રે શ્રી ખલાસી ટીમલા પંચ ખૂબ જ પ્રગતિના પંથે જઈ રહ્યો છે. શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઉચું જવા બેથું છે. આ પરિબળો પાછળ ટ્રસ્ટી મંડળ તથા વાલીઓ પોતાના બાળકો પાછળ ખૂબ જ લક્ષ આપી રહ્યા છે. તે ખરેખર અભિનંદનને પાત્ર છે. સમાજનો વિકાસ માનવીના કાર્યો ઉપર અવલંબે છે. સમાજ અને માનવી એકબીજાના પૂરક છે. સંસ્કારી સમાજમાં સારા માનવીનું સર્જન થાય છે. જેને આભારી આપણા સમાજનાં કાર્યકરો, ડૉકટરો, એન્જીનિયરો, શિક્ષકો તથા અન્ય કાર્યો કામ કરતા થયા છે સમાજ ભણતર પાછળ દર વર્ષે બે લાખ રૂપિયાની સ્ટેશનરી તેમજ ભણતરની જરૂરી ચીજોનું વિના મૂલ્યે વિતરણ કરે છે.

આજના ખર્ચાળ યુગમાં સામાન્ય જનને વૈદકીય સાધનો વિના મૂલ્યે આપવામાં આવે છે. સાથે સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે ૨૬મી જાન્યુઓરીએ રમતોત્સવ યોજી બાળકોમાં એકાગ્રશકિત, ચપળતા જોવા મળે છે. પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય આવનાર બાળકોને ઈનામ આપી તેની સિધ્ધિને

બિરદાવવામાં આવે છે. શ્રી ખલાસી ટીમલા પંચ સિવાય રાંદેર ખાતે આ પ્રકારનો કાર્યક્રમ કોઈ સમાજ રાખતું નથી જે સમાજના માટે એક ગૌરવની વાત છે.

હિંદ સંસ્કૃતિમાં દરેક ધાર્મિક માન્યતાઓમાં પૂજા, અર્ચના, પ્રાર્થના, ભજન, કિર્તન, સભા, રામાયણની કથા, સમુહ ભોજન, મંદિરની રથયાત્રા, રાંદલમાની સવારી, વકતૃત્વ સ્પર્ધા, રંગોલી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, વિગરે સ્પર્ધા આયોજન કરી સંસ્કૃતિનું જતન સાચવી રાખેલ છે. બાળકોથી માંડી વયોવૃધ્ધ સુધીનાને સન્માનિત કરીએ છીએ.

મિત્રો, દુનિયાની પ્રગતિ અને પરિવર્તનની સાથે આપણો સમાજ પણ પ્રગતિ અને પરિવર્તન કરતો રહે છે.

વર્ષ દરમ્યાન થયેલા કામો માટે જેવા કે સમાજના મકાનનું સફાઈકામ, લગ્ન પ્રસંગો, વાસણોનું વિતરણ કરવા પાછળ મહેનત કરનાર ભાઈઓ-બહેનોએ ટ્રસ્ટી મંડળને સહકાર આપતા રહે છે. તેવા તમામ ભાઈઓ-બહેનોનો અંતઃકરણ પૂર્વક ટ્રસ્ટી મંડળ આભાર માને છે. વિતેલા વર્ષમાં પ્રમુખ તરીકે મારામાં વિશ્વાસ મૂકી સંસ્થાના સંચાલનની જવાબદારી અદાકરવા મને મદદરૂપ થયા તેવા તમામ મિત્રોનો ટ્રસ્ટીમંડળ આભાર માને છે. આ સમયે કોઈનું મન દુભાયું હોય તેમનો અંતઃકરણ પૂર્વક માફી ચાહું છું.

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાજને જે લોકોએ દાન આપ્યું છે તેમનો ટ્રસ્ટી મંડળ આભાર માને છે. દાન આપનારની યાદી અલગ બતાવવામાં આવી છે.

રામ ૧૪ વર્ષ બાદ અયોધ્યામા આવે છે તેની યાદમાં દિવાળીનું પર્વ ઉજવાય છે તેને દિપમાળા પણ કહે છે. સમાજના તમામ ભાઈ-બહેનોને ટ્રસ્ટી મંડળ તરફથી નવા વર્ષની મનોકામના તથા કુટુંબ ધનધાયથી ભરપૂર રહે એવી હૃદયપૂર્વકની પ્રભુ પ્રાર્થના.

**જય હિંદ - જય ભારત - વંદેમાતરમ્**

**ટ્રસ્ટી મંડળ તરફથી સમાજના ભાઈ-બહેનોને નવા વર્ષના સાલમુબારક**

આપનો સહૃદયી
**વસંતલાલ નારણદાસ સેઈલર**
પ્રમુખ
ટીમલા ખલાસી પંચ, રાંદેર



# તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજનું આવક-જાવક ખાતુ

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| લગ્ન પ્રસંગ દાન આવક | ૧૧૦૧૮.૦૦ | ધાર્મિક ખર્ચ | ૬૦૦૦.૦૦ |
| મરણ પ્રસંગ દાન આવક | ૧૮૬૪૫.૦૦ | ઓડીટ/ઈન્કમટેક્ષ કન્સ. ફી ખર્ચ | ૧૨૦૦૦.૦૦ |
| ખેતી આવક | ૨૨૨૦૦૦.૦૦ | સ્ટેશનરી ખર્ચ/ઝેરોક્ષ | ૧૦૦૧૩.૦૦ |
| અન્ય નિભાવ દાન આવક | ૧૪૦૬૩.૦૦ | મ્યુનિ. વેરા ખર્ચ | ૪૨૨૦૩.૦૦ |
| પરબ દુકાન ભાડા આવક | ૪૭૪૬૯૧.૦૦ | સામાન્ય સભા ખર્ચ | ૧૩૧૦.૦૦ |
| વાસણ/વાડી ભાડા આવક | ૧૬૨૫૪૩.૦૦ | રાષ્ટ્રીય તહેવાર ખર્ચ | ૧૦૬૫૪૦.૦૦ |
| કાટમાલ(ભંગાર) વેચાણ આવક | | ઈલેકટ્રીક ખર્ચ | ૯૯૫૦.૦૦ |
| બેંક સેવિંગ્સ વ્યાજ આવક | ૧૪૩૮૭૯.૦૦ | ટ્રસ્ટી ફી ખર્ચ | ૦.૦૦ |
| સુ.ડી.બેંક એફ.ડી. વ્યાજ આવક | ૪૮૨૬૧૩.૦૦ | શૈક્ષણિક ખર્ચ | ૧૬૪૩૭૫.૦૦ |
| | | મકાન ઈલેકટ્રી.રીપેરીંગ/પરચુરણ ખર્ચ | ૬૪૦.૦૦ |
| | | બેંક ચાર્જીસ | ૧૮૮.૮૦ |
| | | હિસાબનીસ મહેન્તાણા ખર્ચ | ૯૦૦૦.૦૦ |
| | | જમીન મહેસુલ ખર્ચ | ૧૧૭૦૬૧.૦૦ |
| | | મકાન સમારકામ/બાધકામ ફંડ | ૮૦૦૦૦૦.૦૦ |
| | | ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૮૧૫૩૬.૦૦ |
| | | માલ મિલકત ઘસારા ખર્ચ | ૮૯૭૭.૦૦ |
| | | જહાંગીરપુરા ખે. મકાન ઘસારા ખર્ચ | ૧૩૩૧૬.૦૦ |
| | | જહાંગીરપુરા પરબ દુકાન ઘસારા ખર્ચ | ૪૦૩૨.૦૦ |
| | | સી.સી.ટી.વી. કેમેરા ડેડસ્ટોક ઘસારા ખર્ચ | ૩૫૯૯.૦૦ |
| | | | ૧૩૯૦૭૪૦.૮૦ |
| | | આવક મા વધારો ૩૧/૩/૨૦૨૩ | ૧૩૮૭૧૧.૨૦ |
| **કુલ સરવાળો** | **૧૫૨૯૪૫૨.૦૦** | **કુલ સરવાળો** | **૧૫૨૯૪૫૨.૦૦** |

ઉપરના સરવૈયા અમારી માન્યતા મુજબ ટ્રસ્ટના ફંડો
જવાબદારીઓ તથા માલ મિલ્કતનો સાચો હિસાબ આપ્યો છે.

પ્રમુખશ્રી/ટ્રસ્ટી
વસંતલાલ ના. સેઈલર
ટીમલા ખલાસી પંચ, રાંદેર

મંત્રીશ્રી/ટ્રસ્ટી
આશિષ રાંદેરીયા
ટીમલા ખલાસી પંચ, રાંદેર

આજ તારીખના અમારા અહેવાલ મુજબ
એમ. જે. ખીલાવાલા એન્ડ કાું. વતી
એફ.આર.એન. ૧૦૫૧૪૪W

# તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજનું સરવૈયુ

| મૂડી-દેવા (ફંડ અને જવાબદારી) | રકમ | રકમ | માલ અને મિલ્કત રકમ | રકમ |
|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૩૧૩૮૬૬૩.૬૨ | | માલ મિલકત ખાતુ | ૩૫૯૦૮૯.૯૧ |
| ઉમેરો. | ૭૯૯૭૦.૭૦ | ૩૨૧૮૬૩૪.૩૨ | | |
| માલ મિલકત ઘસારા ફંડ | ૨૧૭૧૮૩.૦૦ | | ડેડ સ્ટોક | ૮૧૫૩૬૨.૪૮ |
| ઉમેરો. | ૮૯૭૭.૦૦ | ૨૨૬૧૬૦.૦૦ | સી.સી.ટીવી. કેમેરા ડેડસ્ટોક | ૩૫૯૯૦.૦૦ |
| જહા. ખેતર મકાન ઘસારા ફંડ | ૯૨૪૬૦.૦૦ | | | |
| ઉમેરો. | ૪૦૩૨.૦૦ | ૯૬૪૯૨.૦૦ | જહાં. ખેતર મકાન બાંધકામ | ૧૬૧૨૭૮.૦૦ |
| ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૧૨૩૬૮૩૦.૦૦ | | | |
| ઉમેરો. | ૮૧૫૩૬.૦૦ | ૧૩૧૮૩૬૬.૦૦ | જહાંગીરપુરા પરબ દુકાન બાંધકામ | ૬૩૬૦૭૧.૦૦ |
| કોમ્પ્યુ. કલાસ ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૮૯૦૫૭.૦૦ | | વાસણ ગોડાઉન બાંધકામ ૧૫૭૭૪૩૬.૦૦ | |
| ઉમેરો. | ૦.૦૦ | ૮૯૦૫૭.૦૦ | (ચાલુ વર્ષના) ઉમેરો ૧૧૮૭૧૬૦.૦૦ | ૨૭૬૪૫૯૬.૦૦ |
| જહાંગીરપુરા પરબ દુકાન ઘસારા ફંડ | ૨૦૪૭૨૪.૦૦ | | કોમ્પ્યુ. કલાસ ડેડ સ્ટોક | ૯૧૯૦૦.૦૦ |
| ઉમેરો. | ૧૩૩૧૬.૦૦ | ૨૧૮૦૪૦.૦૦ | જહાં.જમીન એન.એ | |
| શૈક્ષણિક ફંડ | ૧૫૨૮૭૪૯.૩૫ | | (પ્રાથમિક ખર્ચ) ૧૪૧૪૮૬૨.૦૦ | |
| ઉમેરો. | ૩૯૯૮૫.૨૫ | ૧૫૬૮૭૩૪.૬૦ | ઉમેરો. ૧૧૪૪૨૦.૦૦ | ૧૫૨૯૨૮૨.૦૦ |
| વૈદકીય સહાય ફંડ | ૧૩૩૫૧૧૧.૩૮ | | | |
| ઉમેરો. | ૩૯૯૮૫.૨૫ | ૧૩૭૫૦૯૬.૬૩ | ઈન્કમટેક્ષ કપાત ૨૪૪૮૧૫.૦૦ | |
| મકાન સમારકામ/બાંધકામ ફંડ | ૭૮૭૦૦૦૦.૦૦ | | આવવાના બાકી ૧૦૧૨૯૭.૦૦ | ૩૪૬૧૧૨.૦૦ |
| ઉમેરો. સને ૨૦૨૧-૨૦૨૨ | ૮૦૦૦૦૦.૦૦ | ૮૬૭૦૦૦૦.૦૦ | | |
| ઈન્કમટેક્ષ કપાટ ચુકવવાને બાકી | | ૧૬૪૦૦.૦૦ | ગુજરાત ગેસ કું. ડિપોઝીટ | ૪૦૦૦૦.૦૦ |
| સી.સી.ટીવી. કેમેરા ડેડસ્ટોક ઘસારા ફંડ | ૬૨૯૮.૦૦ | | સત્યમ યજ્ઞેશ છાયા (વકીલ) | ૩૩૯૦૦.૦૦ |
| ઉમેરો. | ૩૫૯૯.૦૦ | ૯૮૯૭.૦૦ | સંજય જોશી | ૨૫૪૨૪.૦૦ |
| જહાંગીરપુરા પરબ દુકાન ડિપોઝીટ | | ૨૧૮૦૦૦.૦૦ | રોકડ સિલ્ક | ૨૯૮૮૯.૨૧ |
| બેંક ઓફ બરોડા એફ. ડી. વ્યાજ | | | સુરત ડી. બેંક સેવિ. ખાતુ | ૩૦૮૨૭૩.૯૨ |
| અનામત | | ૨૬૯૯૬૧૬.૦૦ | બેંક ઓફ બરોડા સેવિ. ખાતુ | ૪૧૭૧૫૦૫.૬૮ |
| જહા. (ખેતર) પ્લોટ અનામત. | | ૨૧૭૨૦૫૦.૦૦ | રાંદેર પીપલ્સ બેંક સેવિ. ખાતુ | ૨૮૨૨.૦૦ |
| વિધવા સહાય ફંડ | | ૧૦૦૦૦.૦૦ | સુરત ડી. બેંક એફ. ડી. ખાતુ | ૬૧૭૦૮૭૮.૦૦ |
| જહાંગીરપુરા ખેતર દુકાન ડિપોઝીટ | | ૩૦૦૦૦.૦૦ | બેંક ઓફ બરોડા એફ. ડી. ખાતુ | ૮૧૬૪૨૦૬.૦૦ |
| જહાંગીરપુરા ખેતર જમીન વિકાસ | | | | |
| (ડેવલોપ્મેન્ટ) ફાળો | | ૩૬૧૩૪૯૦.૦૦ | | |
| આવક મા વધારો ૩૧/૩/૨૦૨૩ | | ૧૩૮૭૧૧.૨૦ | સુરત ડી. બેંક સેવિ. ખાતુ ૩૦૪૪ | ૨૧૬૪.૫૫ |
| **કુલ સરવાળો** | | **૨૫૬૮૮૭૪૪.૭૫** | **કુલ સરવાળો** | **૨૫૬૮૮૭૪૪.૭૫** |

એમ. જે. ખીલાવાળા એન્ડ કું. વતી

પ્રમુખશ્રી/ટ્રસ્ટી
વસંતલાલ ના. સેલઈર
ટીમલા ખલાસી પંચ, રાંદેર

મંત્રીશ્રી/ટ્રસ્ટી
આશિષ રાંદેરીયા
ટીમલા ખલાસી પંચ, રાંદેર

ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ
(એમ. જે. ખીલાવાળા)
એફ.આર.એન. ૧૦૫૧૪૪W

# સમાજના સ્વર્ગવાસ થયેલ વ્યકિતઓને શ્રધ્ધાંજલિ

## તા. ૧૭-૧૧-૨૦૨૩ થી તા. ૨૪/૦૮/૨૦૨૪ સુધીમાં સ્વર્ગવાસ થયેલ નામોની યાદી

| ક્રમ | સ્વર્ગવાસ થયેલ વ્યકિતનું નામ | સ્વર્ગવાસ ની તારીખ | સરનામું |
|---|---|---|---|
| ૧ | નિર્મલ ચંદ્રકાન્તભાઈ સેલર | ૧૭-૧૧-૨૩ | જુનાજીન, હનુમાન ટેકરી, રાંદેર |
| ૨ | શાંતિબેન પરસોત્તમભાઈ સેલર | ૨૪-૧૧-૨૩ | જુનાજીન, હનુમાન ટેકરી, રાંદેર |
| ૩ | નાનુભાઈ હરિભાઈ સેલર | ૩૦-૧૧-૨૩ | ગાંધી વસાહત, હનુમાન ટેકરી, રાંદેર |
| ૪ | મનોજભાઈ કાંતિભાઈ સેલર | ૧૪-૧૨-૨૩ | ટીમલા સ્ટ્રીટ, રાંદેર |
| ૫ | રમણબેન ઈશ્વરભાઈ સેલર | ૦૮-૦૧-૨૪ | ગાંધી વસાહત, હનુમાન ટેકરી, રાંદેર |
| ૬ | જશવંતીબેન જયંતિભાઈ સેલર | ૨૨-૦૧-૨૪ | જુનાજીન, હનુમાન ટેકરી, રાંદેર |
| ૭ | કિરણભાઈ લાલભાઈ સારંગ | ૨૯-૦૧-૨૪ | પંચવટી સોસાયટી, રામનગર, રાંદેર |
| ૮ | ભાનુબેન રણછોડભાઈ સેલર | ૦૪-૦૨-૨૪ | ડાહીમા નગર સોસાયટી, દાંડી રોડ, રાંદેર |
| ૯ | નાથુભાઈ ડાહ્યાભાઈ સેલર | ૦૯-૦૨-૨૪ | સમર્પણ સોસાયટી, અડાજણ |
| ૧૦ | ચંદ્રિકાબેન ભગવાનભાઈ સેલર | ૧૧-૦૩-૨૪ | ઉમરાગામ, સુરત |
| ૧૧ | ઉમેશભાઈ કાનજીભાઈ સેલર | ૧૮-૦૩-૨૪ | જુનાજીન, હનુમાન ટેકરી, રાંદેર |
| ૧૨ | દેવ્યાનીબેન કેશવભાઈ માસ્તર | ૨૯-૦૩-૨૪ | પાંચપીપળા સ્ટ્રીટ, રાંદેર. |
| ૧૩ | પાનાબેન ડાહ્યાભાઈ સેલર | ૦૪-૦૪-૨૪ | પાંચપીપળા સ્ટ્રીટ, રાંદેર. |
| ૧૪ | પુષ્પાબેન બ્રીજલાલ સેલર | ૨૩-૦૪-૨૪ | માધવપાર્ક, પાલનપુર ગામ, સુરત. |
| ૧૫ | મોતીબેન બાલુભાઈ સેલર | ૩૦-૦૪-૨૪ | પાંચપીપળા સ્ટ્રીટ, રાંદેર. |
| ૧૬ | કેતનભાઈ ઠાકોરભાઈ સેલર | ૦૬-૦૫-૨૪ | ટીમલા સ્ટ્રીટ, રાંદેર |
| ૧૭ | ઠાકોરભાઈ દેવજીભાઈ સેલર | ૨૬-૦૫-૨૪ | પારેખ ફળિયા, રાંદેર |
| ૧૮ | વનિતાબેન કૌશિકભાઈ સારંગ | ૦૮-૦૬-૨૪ | ભગુનગર સોસાયટી, મોરાભાગળ, રાંદેર |
| ૧૯ | ગંગાબેન બાલુભાઈ સેલર | ૧૮-૦૬-૨૪ | પાંચપીપળા સ્ટ્રીટ, રાંદેર. |
| ૨૦ | ગંગાબેન નટવરભાઈ સેલર | ૨૨-૦૭-૨૪ | જુનાજીન, રાંદેર |
| ૨૧ | હરિગંગાબેન ડાહ્યાભાઈ સેલર | ૧૫-૦૮-૨૪ | ટીમલા સ્ટ્રીટ, રાંદેર |
| ૨૨ | ઉમેશભાઈ રમેશભાઈ સેલર | ૨૪-૦૮-૨૪ | સંજયનગર સોસાયટી, જહાંગીરપુરા રોડ |

તૈયાર કરનાર

**શ્રી પ્રિયવદન મગનભાઈ સેલર**

ટીમલા ખલાસી પંચ, રાંદેર, સુરત.

# ૨૦૨૩-૨૪ માં દાન આપનારની યાદી

| ક્રમ | દાન આપનારનું નામ | સરનામું | વસ્તુનું દાન |
|---|---|---|---|
| ૧ | ચંદ્રેશભાઈ ભગવતીભાઈ સેલર | રાધાસ્વામી સોસાયટી, દાંડીરોડ | ૨૫૦૦/- રોકડા |
| ૨ | સ્વ. પરસોત્તમભાઈ નાનાલાલ નાવિક | ટીમલા સ્ટ્રીટ, રાંદેર | ૨૦૦૦/- રોકડા |
| ૩ | સ્વ. કેશવભાઈ પી. માસ્તર | પાંચપીપળા, રાંદેર | મોટુ વોકર ૫ નંગ<br>નાનું વોકર ૧ નંગ |
| ૪ | સ્વ. દિવ્યાબેન કે. માસ્તર | પાંચપીપળા, રાંદેર | મોટુ વોકર ૫ નંગ<br>નાનું વોકર ૧ નંગ |
| ૫ | સ્વ. જશવંતીબેન જયંતિભાઈ સેલર<br>મયુર(મનો) જયંતિભાઈ સેલર | જુનાજીન, રાંદેર | વર્ષિની બેડ ૪ નંગ |

**આપના તરફથી ઉપરોકત દાન મળેલ છે. તે અમો સ્વીકારીએ છીએ સમાજ સેવા પ્રવૃત્તિમાં આપનું યોગદાન આવકાર્ય છે એવું કહેતા હમો ટ્રસ્ટીશ્રીઓ, તથા જ્ઞાતિજનો આનંદ અનુભવીએ છીએ. દાન ગંગાનો પ્રવાહ વહેવડાવી સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનું પરમ પુણ્ય હો. આપ વધુને વધુ પ્રગતિ અને સમૃદ્ધિ પામો એવી શુભકામના સહ... આભાર....**

# ટીમલા ખલાસી પંચ, રાંદેર - સુરત

## ટ્રસ્ટી મંડળ


| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી વસંતલાલ નારણદાસ સેઈલર | પ્રમુખ/ટ્રસ્ટી | મો. ૯૯૯૮૧ ૬૪૧૦૮ |
| ૨ | શ્રી આશિષભાઈ હરિશચંદ્ર રાંદેરીયા | મંત્રી/ટ્રસ્ટી | મો. ૯૯૦૯૨ ૪૨૪૨૬ |
| ૩ | શ્રી દિનેશભાઈ ઝીણાભાઈ સેલર | ખજાનચી/ટ્રસ્ટી | મો. ૬૩૫૪૯ ૪૮૯૪૧ |
| ૪ | શ્રી પ્રિયવદન મગનભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૮૩૪૭૪ ૯૯૬૫૨ |
| ૫ | શ્રી રામચંદ્રભાઈ જેભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૯૩૭૭૪ ૦૪૪૮૧ |
| ૬ | શ્રી નિલેશભાઈ નટવરભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૯૭૧૨૩ ૫૮૫૮૫ |
| ૭ | શ્રી નટવરભાઈ દેવજીભાઈ સેઈલર | ટ્રસ્ટી | મો. ૯૩૭૪૨ ૪૮૬૦૩ |


# તેજસ્વી તારલાઓ વર્ષ : ૨૦૨૩-૨૪

## ધોરણ - ૧૦

જય ધર્મેશભાઈ સેલર
પ્રથમ



૯૪.૮૩%

સંસ્કીતિ આશિષ રાંદેરીયા
દ્વિતીય



૯૨.૧૬%

તન્મય સુરેશભાઈ સેલર
તૃતીય



૮૮.૮૩%

## ધોરણ - ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

ઝીલ તરૂણ સેલર
પ્રથમ



૭૫.૧૪%

વંશિતા ભાવિનભાઈ સેલર
દ્વિતીય



૬૬.૬૧%

પ્રિયાંશી સંજયભાઈ સેલર
તૃતીય



૫૭.૭૧%

## ધોરણ - ૧૨ કોમર્સ

ભાર્ગવકુમાર ઉત્તમભાઈ સેલર
પ્રથમ



૮૩.૭૧%

ઊર્મિ રાજીવભાઈ સેલર
દ્વિતીય



૮૨.૦૦%

મંથન વાસુદેવ રાંદેરી
તૃતીય



૭૬.૬૬%

નકલ : ૬૦૦, વર્ષ : ૨૦૨૩-૨૦૨૪